20 ફેબ્રુઆરી, 2021/18634

**શ્રી નીતિનભાઈ પટેલ**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી
ગુજરાત સરકાર
ગાંધીનગર.

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer

માનનીય શ્રી નીતિનભાઈ,

**વિષય: ગુજરાત રાજ્યમાં COVID-19 અંગેના રસીકરણના કાર્યક્રમને વધુ ઝડપી બનાવવા બાબત**

સૌપ્રથમ સરકારશ્રી દ્વારા ટૂંક સમયગાળામાં COVID-19 મહામારીને અટકાવવા જે અભૂતપૂર્વ પ્રયત્નો કરવામાં આવ્યા છે તે બદલ આપશ્રીને આવકારીએ છીએ.

સાહેબશ્રી, ગુજરાતમાં રસીકરણની પ્રક્રિયા શરૂ થયાને હવે પાંચ અઠવાડિયા પુરા થવામાં છે, ત્યારે એવું જણાય છે કે રસીકરણની પ્રગતિ પ્રમાણમાં ધીમી છે અને ધાર્યા કરતા ઓછા લોકો સુધી આનું લાભ હજુ પહોંચ્યું છે. આ ગતિથી મેડિકલ સ્ટાફ અને ફ્રન્ટલાઈન કામદારોને પણ 3-4 મહિના પછી રસી મળી રહેશે જે એક ગંભીર બાબત છે અને હાલના સંજોગોમાં ચિંતા ઉભી કરનાર છે.

વધુમાં લાંબાગાળાના લોકડાઉનને કારણે લોકો અને તેમાં ખાસ કરીને બાળકો અધીરા થયા છે અને તેને કારણે જો આ રસીકરણનો સમય લંબાય તો ઘણા જોખમો સર્જાવાની ભીતિ રહેલી છે:

૧. લોકોએ વ્યવસાય ફરી શરૂ કર્યા છે અને હવે બધું સારું છે એમ માનીને કેટલીક પ્રવૃત્તિઓ ફરી શરૂ કરી દીધી છે અને ઘણા દેશોએ જે અનુભવ કર્યો છે તે પ્રમાણે આ મહામારીની બીજી લહેર આવવાની શક્યતાને પણ નકારી શકાય નહિ.

2. અન્ય દેશોએ અનુભવ કર્યો છે તેમ COVIDનો અન્ય પ્રકાર પણ આવી શકે છે જે પેહલા કરતા વધુ ઝડપથી ફેલાય છે અને વધુ જોખમી છે.

3. શાળાઓ, કોલેજ, રિટેલ મોલ્સ ઉપરાંત હોટલ, પર્યટન, છાત્રાલયો વગેરે પણ ઘણા સમયથી બંદ છે જેને હવે બીજી સેવાઓની જેમ ટૂંક સમયમાં શરૂ કરવાની જરૂર છે. તેથી આ સેવાઓને પણ હવે લાંબા સમય સુધી બંદ રાખી શકાશે નહિ.

4. સાહેબશ્રી, ઉપરોક્ત જોખમોને ધ્યાનમાં રાખી જો આપણે ઝડપી રસીકરણ પ્રોગ્રામ દ્વારા સમયસર સંયુક્ત રોગપ્રતિકારક શક્તિ નહિ બનાવીએ, તો આ મહામારીની નકારાત્મક અસર ફરીથી ખૂબ જ તીવ્ર બની શકે છે, કારણ કે બીજા ઘણા દેશોએ એવો અનુભવ કર્યો છે. રાજ્યનો વેપાર-ઉદ્યોગ લાંબા સમય પછી ફરી સામાન્ય થવા જયારે પુરજોર પ્રયત્નો કરે છે તેવા સમયે ફરીથી જો આ મહામારીનો વ્યાપ વધ્યો તો આની અસર વેપાર-ઉદ્યોગ પર મરણતુલ્ય હશે જેને કારણે અર્થતંત્રને પણ ખુબ મોટો નુકશાન થશે.

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

અમને ચોક્કસ ખાતરી છે કે આપશ્રી આ બાબતે ચિંતિત હશોજ અને આ રસીકરણ કાર્યક્રમને બને તેટલું ઝડપી બનાવવા પ્રયત્નો કરતાજ હશો, તેમ છતાં અમારા તરફથી અમુક સૂચનો નીચે મુજબ આપના સમક્ષ રજુ કરીએ છીએ અને સાથોસાથ સંપૂર્ણ વેપાર-ઉદ્યોગ વતી આ કાર્યક્રમને સફળ બનાવવા શક્ય તે સહાય કરવા અમારી કટિબદ્ધતા ની ખાતરી આપીએ છીએ:

1. 50 વર્ષથી વધુ વયના વ્યક્તિઓનું રસીકરણ હવે શરૂ કરવું જોઈએ

2. કોર્પોરેટ્સને તેમના ત્યાં યોગ્ય વ્યવસ્થા ઉભી કરીને તમામ સ્ટાફને રસી આપવાની મંજૂરી આપવી જોઇએ

3. માન્ય ખાનગી હોસ્પિટલો અને ક્લિનિક્સને રસીઓની ડિલિવરી શરૂ કરવાની મંજૂરી આપવી જોઇએ

4. રસી ખરીદી શકે તેવા બધાને તે ખરીદીને રસીકરણ કરવાની મંજૂરી આપવી જોઈએ

5. ઔદ્યોગિક સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓ, મોટા જૂથોને આ પહેલમાં જોડાઈ તેમના સભ્યો માટે રસીકરણ કરાવવા મંજૂરી આપવી જોઈએ.

અમે આપશ્રીને ત્વરિત ગતિથી રસીકરણ આગળ વધારવા માટે ઉપરોક્ત સૂચનો તેમજ રસીની ઉપલબ્ધતાની મર્યાદાને જોતા વધુ વિકલ્પો પર પુનર્વિચારણા કરવા નમ્ર વિનંતી કરીએ છીએ.

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

**પ્રતિલિપિ:**

1. ડૉ જયંતિ એસ. રવિ, અગ્ર સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ બ્લોક નં.7, 7મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર

2. શ્રી જય પ્રકાશ શિવહરે, આરોગ્ય કમિશ્નર, બ્લોક નં.7, 8મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર